ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતમાં બેરોજગારીનો એક અભ્યાસ

**ચાવડા નરેન્દ્ર દેવજીભાઈ**

**Ph. D. Scholar From**

**Bhakta Kavi Narsinh Maheta,**

**University, Junagadh.**

**સારાંશ:**

ભારત દેશ એ કૃષિપ્રધાન દેશ છે, અને ભારત દેશ એ વિકાસશીલ દેશ છે. તેથી મોટા ભાગની વસ્તી કૃષિ આધારિત છે. અને ભારતમાં કૃષિ એ મોટા પ્રમાણમા વરશાદ પર આધારિત હોય છે, તેથી ભારતમાં મોટા ભાગે લોકોને બેરોજગાર રહેવું પડે છે. અને તેથી પણ ભારતમાં બેરોજગારીના પ્રશ્નો સર્જાય છે.

**પ્રસ્તાવના:**

ભારતની અનેક આર્થિક સમસ્યાઓ જેવી કે આવકની અસમાનતા, વસ્તી વધારો, ફુગાવો, પ્રદૂષણ તેમજ વધતી જતી બેરોજગારી પણ એક ગંભીર સમસ્યા છે. આયોજનના આટલા બધા વર્ષો પછી પણ વિકાસની સાથે રોજગારીની તકોમાં ઓછી વૃદ્ધિ થાય છે. જેના પરિણામે રોજગારી માંગનારાઓની સંખ્યા સતત વધતી ગઈ છે. ભારતમાં પ્રત્યેક યોજનાના અંતે બેરોજગારોની સંખ્યા સતત વધતી ગઈ છે. બેરોજગારીનો પ્રશ્ન સમાજમાં સ્વમાનપૂર્વક જીવન જીવવાની તકોના અભાવનો નિર્દેશ કરે છે. બેરોજગારીની સમસ્યા આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ યોગ્ય નથી. બેરોજગાર વ્યક્તિ આર્થિક રીતે નિઃસહાય બને છે. અને માનવશ્રમનો બગાડ થાય છે. તેમજ બેરોજગાર વ્યક્તિ સમાજમાં સ્વમાનપૂર્વક, સ્વાસ્થયપૂર્ણ જીવન જીવી શકતો નથી. તેના પરિણામે વ્યક્તિનું મન છિન્ન ભિન્ન થઈ સમાજની તરફ ધિક્કારની લાગણીથી જીવે છે. અને વ્યક્તિનો જીવન પ્રત્યેનો ઉત્સાહ ઘટી જાય છે. આમ, કાર્ય કરવાની તત્પરતા અને લાયકાત હોવા છતાં કામ ન મળે ત્યારે માનવીને અપમાનિત તથા હડધૂત થયા કરવું પડે છે. ઘણીવાર આવી બેરોજગાર વ્યક્તિઓ અસામાજિક પ્રવૃતિના રવાડે ચડી જાય છે. આમ, ભારતમાં બેરોજગારીની સમસ્યા એ માત્ર આર્થિક સમસ્યા નથી, પરંતુ બેરોજગારીની સમસ્યા એ સામાજિક, નૈતિક અને રાજકીય સમસ્યા સર્જીને સમાજમાં અશાંતિ ઉત્પન્ન કરે છે.

બેરોજગારી ભારત જેવા અલ્પવિકસીત દેશોનો ગંભીર પ્રશ્ન છે, જોકે વિકસીત દેશોમાં પણ બેરોજગારી હોય છે, પરંતુ ત્યાં સરકાર દ્વારા સામાજિક સલામતીની યોજનાઓ દ્વારા બેરોજગારીને ડામી દેવામાં આવે છે. પરંતુ અલ્પવિકસીત દેશોમાં બેરોજગારી એ સીધી રીતે ગરીબીમાં પરિણમે છે.

સામાન્યતઃ શ્રમદળ અને તેની માંગ વચ્ચેના તફાવતમાં વધારાના કારણે બેરોજગારી વધતી જાય છે. શ્રમદળની માંગ કરતા તેના પુરવઠામાં ઉતારોતર વધારો થઈ રહ્યો છે. ભારતની વસ્તી વર્ષ ૨૦૦૧માં ૧૦૨.૭ કરોડ હતી જે ૨૦૧૧માં ૧૨૧.૨ કરોડ થઈ, અને હાલમાં ૧૩૦ કરોડની આસપાસ પહોંચી ગઈ છે. તેથી શ્રમદળમાં વધારો થઈ રહ્યો છે, તો બીજી બાજુ રોજગારીની તકોમાં તેટલો વધારો થઈ રહ્યો હોતો નથી, તેના પરિણામે બેરોજગારીની સમસ્યા ગંભીર બનતી જાય છે.

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

આમ, આપણા દેશમાં બેરોજગારીએ ખૂબ ઊંડા મૂળ પકડી લીધા છે. અને તેમાં પણ એક પ્રકારની નહીં પરંતુ અનેક પ્રકારની બેરોજગારી જોવા મળે છે. જેમ કે, ગ્રામીણ બેરોજગારી, શહેરી બેરોજગારી, મૌસમી બેરોજગારી, પ્રચ્છન્ન બેરોજગારી, ઔદ્યોગિક કામદારોની બેરોજગારી અને શિક્ષિત બેરોજગારી વગેરે અનેક પ્રકારની બેરોજગારી જોવા મળે છે. તેથી પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં આપણે શિક્ષિત બેરોજગારી વિશે વિસ્તૃત અભ્યાસ કરીશું. તે ઉપરાંત ભારતમાં શિક્ષિત બેરોજગારો સામે કેવા કેવા પ્રકારની સમસ્યા છે, તથા તેના પડકારો કેવા છે, તે ઉપરાંત સરકાર દ્વારા શિક્ષિતોની બેરોજગારી ઘટાડવા માટે કેવા કેવા ઉપાયો યોજવા જોઈએ તેની પણ વિસ્તૃત ચર્ચા કરીશું.

**ચાવીરૂપ શબ્દો:** બેરોજગારી, વ્યક્તિઓ, વિકાસશીલ, બેરોજગાર વ્યક્તિઓ, પ્રકારો, બેરોજગારીદર.

**સંશોધન અભ્યાસના હેતુઓ:**

કોઈપણ વિષયના સંદર્ભમાં અભ્યાસ કરવા માટે સંશોધનકર્તા પાસે સ્પષ્ટ હેતુઓ હોવા જરૂરી છે. આ હેતુઓને ધ્યાનમાં રાખીને કોઈપણ સમસ્યા કે વિષયવસ્તુનો અભ્યાસ થઇ શકે છે. સંશોધનમાં હેતુઓ જેટલા સ્પષ્ટ અને ચોકસ હોય તેટલું જ સંશોધન એ જુદા જુદા હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

VIDHYAYANA

૧. ગુજરાત રાજ્યમાં બેરોજગારીનું ચિત્ર રજૂ કરવું.

૨. ગુજરાતમાં વિવિધ વિદ્યાશાખાઓમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ તપાસવું.

૩. ગુજરાતમાં શિક્ષિત બેરોજગારોની આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસવી.

૪. ગુજરાતમાં શિક્ષિત બેરોજગારોની સમસ્યા અને પડકારો તપાસવા.

૫. સરકારની શિક્ષિત બેરોજગારો માટેની નીતિનો અભ્યાસ કરવો.

૬. ગુજરાતનાં વિકસીત અને અલ્પવિકસીત વિસ્તારોમાં શિક્ષિત બેરોજગારોની પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

**બેરોજગારીનો અર્થ અને વ્યાખ્યા:**

**બેરોજગારીનો અર્થ:**

"અર્થશાસ્ત્રની પરિભાષામાં પ્રવર્તમાન વેતનદારોએ વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં જો વ્યક્તિને રોજગારી નહીં મળતી હોય તો તેને બેરોજગાર કહે છે."

ઉપરોક્ત વ્યાખ્યા અનુશાર ઘર કામ કરતી સ્ત્રીઓ, મોટા ભાગના વૃદ્ધો અને નાના બાળકો કે જેઓ નોકરીની શોધમાં નથી તેને બેરોજગાર ગણી શકાય નહીં. અહી ૧૫ થી ૬૦ વર્ષ સુધીનાને જ કે જેઓ ભારતની રાષ્ટ્રીય આવકમાં ફાળો આપી શકે તેમ છે, તેને જ બેરોજગાર કહેવાય છે.

"બેરોજગારી એટલે બજારની એવી સ્થિતિ કે જેમાં શ્રમશક્તિનો પુરવઠો પ્રાપ્ત તકો કરતાં વધારે હોય."

આમ, બેરોજગારી એટલે અનૈચ્છિક બેરોજગારી જો વ્યક્તિની કામ કરવાની વૃતિ અને શક્તિ ન હોય અને તેથી તે કામ વિનાનો રહે તો તેને બેરોજગાર કહેવાય નહીં. જો તેને બેરોજગાર ગણવો હોય તો સ્વૈચ્છિક બેરોજગાર કહી શકાય. વાસ્તવમાં સ્વૈચ્છિક બેરોજગારી એ બેરોજગારીનો પ્રશ્ન નથી, અનૈચ્છિક બેરોજગારી કે ફરજિયાત બેરોજગારીમાં વ્યક્તિ કામ કરવા તૈયાર હોય, કામ કરવાની શક્તિ ધરાવતો હોય છતાં તેને ઉત્પાદક કામ મળતું નથી, તેથી તેની ઉત્પાદક શક્તિ વેડફાઇ જાય છે. આવા બેરોજગાર લોકોને ઉત્પાદકીય પ્રવૃતિમાં જોડવાથી સમાજને જે ચીજ-વસ્તુઓ કે સેવાઓ પ્રાપ્ત થવી જોઈએ તે ન થતાં સમાજને ગેરલાભ પ્રાપ્ત થાય છે, અને તેથી જ બેરોજગારીનું સર્જન થાય છે.

VIDHYAYANA

**બેરોજગારીની વ્યાખ્યા:**

૧. "સમાજમાં માન સાથે જીવન જીવવાની તકના અભાવને બેરોજગારી કહેવામાં આવે છે."

- શ્રીમતી ઉર્સુલા હિક્સ

૨. "કામની શોધ કરતો વ્યક્તિ પોતાની ક્ષમતા અને યોગ્યતા અનુસાર કામ મેળવી શકે નહિ તો તેને બેરોજગાર કહેવાય છે."

- જે. એમ. કેઈન્સ

૩. "વ્યક્તિને કામ કરવાની ઈચ્છા હોવા છતાં કામ મળતું ન હોય ત્યારે તેને બેરોજગાર કહેવાય છે."

- એ. સી. પિગુ.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA An International Multidisciplinary Research E-Journal

**બેરોજગરીના પ્રકારો:**

પુરવઠો સ્વયં પોતાની માંગ સર્જે છે, તેવું જે. બી. સે જણાવે છે. જો તે શક્ય હોય તો બેરોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થાય જ નહીં. પરંતુ વાસ્તવમાં તેવું બનતું નથી, ભારત જેવા દેશોમાં વસ્તી વધારાના કારણે બેરોજગારી વધી જાય છે. જેના પ્રકારો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (અ) ગ્રામીણ બેરોજગારી | (બ) શહેરી બેરોજગારી |
| ૧. મૌસમી બેરોજગારી | ૧. ઔદ્યોગિક કામદારોની બેરોજગારી |
| ૨. પ્રચ્છન્ન બેરોજગારી | ૨. શિક્ષિત બેરોજગારી |

**(અ) ગ્રામીણ બેરોજગારી:**

ભારત વિકાસશીલ દેશ છે, અને ભારત કૃષિ પ્રધાન દેશ છે. તેથી ભારતમાં લગભગ ૭૨ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે, અને તેમાંથી લગભગ ૪૮.૯ ટકા વસ્તી કૃષિ ક્ષેત્રમાંથી રોજગારી મેળવે છે. જોકે હાલમાં કૃષિ ક્ષેત્રમાંથી રોજગારી મેળવતા લોકોનું ટકાવારી પ્રમાણ ઘટી રહ્યું છે. આમ છતાં તે પ્રમાણ પણ ઘણું મોટું છે, વિકસીત દેશોની તુલનામાં જોઈએ તો અમેરિકામાં ૧ ટકા, ફ્રાન્સમાં ૨.૩ ટકા અને જાપાનમાં ૪ ટકા લોકો જ કૃષિ ક્ષેત્રે જોડાયેલા છે, ભારતના સંદર્ભમાં જોઈએ તો આ પ્રમાણ સાવ ઓછું છે. તેથી કહી શકાય કે, ભારતમાં ઘણી મોટી વસ્તી ગામડામાં રહે છે, અને ત્યાં રોજગારીના પ્રશ્નો સર્જાય છે. તેથી ગ્રામીણ વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારની બેરોજગરીને બે વિભાગમાં વહેચવામાં આવે છે, જે નીચે મુજબ છે.

**૧. મૌસમી બેરોજગારી:**

ભારતમાં કુલ ખેડાણ હેઠળની જમીનના લગભગ ૬૦ ટકા વિસ્તારમાં સીંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આનો અર્થ એ થાય કે ભારતમાં હજુ પણ ૪૦ ટકા જેટલી જમીન ખેતી માટે વરસાદ પર આધારિત છે. તેથી જ ભારતની ખેતીને આકાશી ખેતી કહેવાય છે. ભારતમાં ચોમાશૂ માત્ર ૩ થી ૪ મહિના જ રહે છે, તે સમય દરમિયાન ખેડૂતો ને કામ મળે છે, અને બાકીના સમય દરમિયાન તેને બેરોજગાર રહેવું પડે છે. આ બેરોજગારીને મૌસમી કે ઋતુગત બેરોજગારી કહેવાય છે. આ સમયગાળા દરમિયાન ખેડૂતો વૈકલ્પિક રોજગારી શોધવાનો પ્રયાસ કરે છે. પરંતુ બધાને સફળતા મળતી નથી, તેમ છતાં મોટા ભાગના ખેડૂતોને વર્ષ દરમિયાન ૩ થી ૪ મહિના તો બેરોજગાર રહેવું પડે જ છે. અને તે ઉપરાંત જો વરસાદ સારો અને અનુકૂળ રહે તો મૌસમી બેરોજગારી ઘટે છે. અહી તો તેના પ્રમાણમાં પણ વધારો થાય છે, જોકે મૌસમી બેરોજગારીનો સમયગાળો દેશના વિભિન્ન વિસ્તારોમાં જુદો જુદો હોય છે. **બીજી ખેતમજૂર તપાસ સમિતિના** મત અનુશાર પુરુષ કામદારોને વર્ષમાં ૨૯૪

દિવસ, સ્ત્રી કામદારોને ૧૪૧ દિવસ અને ખેતમજૂરોને ૨૦૪ દિવસ કામ મળતું હતું. આમ, ભારતમાં હજુ પણ મોટા ભાગની ખેતી વરસાદ પર આધારિત છે. જે મૌસમી બેરોજગારીનું સૂચન કરે છે.

**૨. પ્રચ્છન્ન બેરોજગારી:**

ભારતમાં વસ્તીવૃદ્ધિનો દર ઘણો ઊંચો છે, આઝાદી સમયે જે વસ્તી માત્ર ૩૬ કરોડ હતી, તે આજે લગભગ ૧૩૦ કરોડ થઈ છે. તેના પરિણામે રોજગારીની તકોના સર્જનની સાથે જનસંખ્યામાં તીવ્ર વધારો જોવા મળે છે. આ પરિસ્થિતિમાં જરૂર કરતાં વધારે વ્યક્તિઓ એક જ જગ્યા પર કામે રોકાયેલા હોય છે, આ પરિસ્થિતિમાં વ્યક્તિ દેખીતી રીતે કામમાં જોડાયેલ હોય છે. પરંતુ વાસ્તવમાં તેની ત્યાં જરૂર હોતી નથી. તેથી તેઓ વાસ્તવમાં બેરોજગાર છે. આ બેરોજગરીને છૂપી, ગુપ્ત કે પ્રચ્છન્ન બેરોજગારી કહેવાય છે.

"જેઓ દેખીતી રીતે ઉત્પાદન પ્રવૃતિમાં જોડાયેલા હોય છે, પરંતુ ઉત્પાદનમાં તેમનો ફાળો શૂન્ય હોય છે, તેમને પ્રચ્છન્ન બેરોજગાર, છુપા બેરોજગાર કે ગુપ્ત બેરોજગાર કહેવાય છે." દા. ત. એક ખેતરમાં ૧૦ મજૂરોનું કામ હોય અને તેમ ૧૫ મજૂરો કામ કરતાં હોય તો તે ૫ મજૂરોની સીમાંત ઉત્પાદકતા શૂન્ય છે, જેને ખસેડવાથી ઉત્પાદન ઘટશે નહી, આ શ્રમિકો વાસ્તવમાં બેરોજગાર છે, કે જેને પ્રચ્છન્ન બેરોજગર કહેવાય છે. જો તેમને ત્યાંથી ખસેડી લેવામાં આવે તો ઉત્પાદનમાં ઘટાડો થતો નથી, આવા પ્રચ્છન્ન બેરોજગારોની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે અથવા નકારાત્મક હોય છે. ભારતમાં સતત વધતી જતી વસ્તીના કારણે રોજગારી માંગનારાઓની સંખ્યા સતત વધતી ગઈ છે. જ્યારે તેટલા પ્રમાણમાં રોજગારી સર્જાતી નથી. ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં ખેતી ક્ષેત્રે જરૂર કરતાં વધુ શ્રમિકો રોકાયેલા છે. આમ, જરૂર કરતાં વધુ રોકાયેલા શ્રમિકો બેરોજગાર છે. પ્રો. રગનાર નર્કસના મત મુજબ ભારત સહિત એશિયાના દેશોમાં ખેડાણ હેઠળની જમીન પરના શ્રમના દબાણના કારણે ખેતી ક્ષેત્રે ૨૫ થી ૩૦ ટકા લોકો પ્રચ્છન્ન બેરોજગાર છે. પ્રચ્છન્ન બેરોજગારી બચત અને મૂડીસર્જનના દરમાં ઘટાડો કરે છે. અને આર્થિક વિકાસની ગતિને અવરોધરૂપ થાય છે.

**(બ) શહેરી બેરોજગારી:**

ભારતમાં કૃષિ ઉત્પાદકતા નીચી હોવાથી અને ગામડાઓમાં પ્રચ્છન્ન અને મૌસમી બેરોજગરીના કારણે શહેરીકરણનું પ્રમાણ વધ્યું છે. આઝાદી સમયે ભારતની મોટાભાગની વસ્તી ગામડાઓમાં રહેતી હતી પરંતુ ઊંચા જીવનધોરણ અને વધુ વેતન તેમજ અન્ય કારણોથી લોકો શહેરમાં સ્થળાંતર કરે છે. તેથી શહેરમાં વસ્તી વધતી જાય છે. તેના પરિણામે શહેરમાં પણ બેરોજગારી જોવા મળે છે, જેના પ્રકાર નીચે મુજબ છે.

**૧. ઔદ્યોગિક કામદારોની બેરોજગારી:**

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

દેશના આર્થિક વિકાસની સાથે સાથે શહેરીકરણ અને ઔદ્યોગિકરણની પ્રક્રિયા ઝડપી બની છે. વસ્તીવૃદ્ધિના કારણે શ્રમ-પુરવઠામાં વધારો થાય છે, ગ્રામીણ વિસ્તારોમાં મૌસમી બેરોજગરોના સ્થળાંતર દ્વારા શહેરીકરણ અને ઔદ્યોગિક વિકાસના કારણે શ્રમિકો રોજગારી શોધે છે. પરંતુ ઉદ્યોગોમાં મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિના કારણે રોજગારીની તકોમાં શ્રમના પુરવઠામાં થતાં વધારા કરતાં ઓછો વધારો થાય છે. જેના પરિણામે ઔદ્યોગિક ક્ષેત્રે બેરોજગારીમાં વધારો થાય છે. ઉદ્યોગોમાં મંદીના સમયમાં આ બેરોજગરીના પ્રમાણમાં વધારો થાય છે. ભારતમાં ઔદ્યોગિક માંદગીનાં પરિણામે બેરોજગારીમાં વધારો થાય છે. ભારતમાં ઔદ્યોગિક બેરોજગારીમાં વધારો થવાના કારણોમાં સાધનોની ગતિશીલતા, કાચામાલની અછત, મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ, રોજગારીની શોધમાં શહેરોમાં શ્રમિકોનું થયેલું સ્થળાંતર વગેરેને લીધે ઔદ્યોગિક કામદારોમાં બેરોજગારી સર્જાય છે.

**૨. શિક્ષિત બેરોજગારી:**

ભારતમાં ૧૯૮૧માં સાક્ષરતાનું પ્રમાણ ૩૬.૨ ટકા હતું, જે ૨૦૧૧માં વધીને ૭૪.૦ ટકા થયું, અને જે હાલમાં લગભગ ૭૯.૮ ટકા થયું છે. એનો અર્થ એ થાય કે હજુ પણ ૨૦.૨ ટકા લોકો નિરક્ષર છે. સામાન્ય રીતે શિક્ષિત વ્યક્તિઓને સરળતાથી રોજગારી મળી રહેવી જોઈએ, પરંતુ દેશના વિકાસનો દર નીચો હોવાથી રોજગારીની પૂરતી તકો ઉપલબ્ધ થઈ નથી. ભારતમાં શિક્ષિત બેરોજગારી એ બેરોજગારીની સમસ્યાનું નવું પરિણામ છે.

ભારતમાં આયોજન કાળથી સાક્ષરતાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ રોજગારીની તકોમાં ઝડપથી વધારો થતો નથી, પરિણામે શિક્ષિત બેરોજગારી એ ભારતની બેરોજગારીની સમસ્યાનું એક નવું પરિણામ છે. સ્નાતક અને અનુસ્નાતકોનું પ્રમાણ વધતું જાય છે, ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવ્યું હોય તેને શિક્ષિત કહેવાય, ભારતમાં ૧૮ થી ૩૦ વર્ષના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે.

VIDHYAYANA

શિક્ષિત બેરોજગારી શિક્ષણના પ્રસારને કારણે નહીં પરંતુ માનવશક્તિના યોગ્ય આયોજનના અભાવનું કારણ છે. શિક્ષિત બેરોજગારીમાં પૂર્વસ્નાતક, અનુસ્નાતક, ટેકનિકલ ડિપ્લોમા તેમજ વિવિધ પ્રકારની ડિગ્રી ધરાવનારાનો સમાવેશ થાય છે. શિક્ષિત બેરોજગારી સંખ્યા અને ટકાવારી વધતી રહી છે, જેના મુખ્ય કારણોમાં શ્રમ તરફની ઉપેક્ષા, ખામી ભરેલી શિક્ષણપ્રથા, નિયોજન અને સાહસનો અભાવ, અપૂરતા સાધનો, આર્થિક વિકાસનો મંદ દર, તાલીમનો અભાવ, શિક્ષિણની અલ્પ સુવિધાઓ વગેરે રહેલા છે.

શિક્ષિત બેરોજગારી ગંભીર બનવા પાછળ ઘણા કારણો જવાબદાર છે, જે નીચે મુજબ છે.

૧. રોજગારી માટે વ્હાઈટ કોલર જોબની અપેક્ષા.

૨. શિક્ષણ માત્ર પુસ્તકો પૂરતું સિમિત.

૩. તાલીમ, ટેકનોલોજી, કૌશલ્ય, આવડત વગેરેને ઓછું મહત્વ.

૪. શહેરો પ્રત્યેનું વધતું જતું આકર્ષણ.

૫. સ્વરોજગાર માટે તાલીમની ઓછી વ્યવસ્થા વગેરે કારણો જવાબદાર છે.

શિક્ષિત બેરોજગરીના લીધે દેશમાં રાજકીય, સામાજિક અને આર્થિક પ્રશ્નો સર્જાય છે. કેટલાક દેશોમાં રાજકીય ઉથલ-પાથલ પણ મચી ગઈ છે, જો માનવશક્તિનું યોગ્ય અને સમયસર આયોજન કરવામાં આવે તો શિક્ષિત બેરોજગરીના પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. ભારતના મહાન નેતા જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે, "ભારતનું ભાવિ ઉજ્જવળ છે અને તે શિક્ષિતો પર આધારીત છે, પરંતુ જો તેને રોજગારીની પૂરતી તકો આપવામાં આવે."

ઉપરોક્ત ગ્રામીણ બેરોજગારી અને શહેરી બેરોજગારીને અલગ અલગ વિભાગમાં વહેચી છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં પણ શિક્ષિત બેરોજગારી તો જોવા મળે જ છે. ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણનો પ્રસાર થવાથી શિક્ષિતોની સંખ્યામાં વધારો થાય છે, પરંતુ શિક્ષિતોને અનુરૂપ વ્યાપાર અને ઉદ્યોગોના વિકાસના અભાવે રોજગારીની પૂરતી તકો ગ્રામીણ વિસ્તારમાં સર્જી શકાય નહીં. તેથી ગ્રામીણ વિસ્તારોમાં પણ શિક્ષિત બેરોજગારી વધવા પામી છે. તદુપરાંત ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી મૌસમી અને પ્રચ્છન્ન બેરોજગારી શહેરી વિસ્તારોમાં પણ જોવા મળે છે. દા. ત. શહેરી વિસ્તારોમાં ખેત પેદાશો પર આધારિત ઉદ્યોગોમાં મૌસમી બેરોજગારી જોવા મળે છે. તે જ રીતે સરકારી કચેરીઓ અને જાહેરના સાહસના એકમોમાં જરૂર કરતાં વધુ માણસો રોકવામાં આવેલા હોવાના કારણે તેઓ પ્રચ્છન્ન બેરોજગાર છે. સરકાર દ્વારા આપતી સેવાઓમાં કસો ઘટાડો કર્યા વિના તેમને અન્ય સ્થળે ખસેડી શકાય તેમ છે. આમ, ટુંકમાં મૌસમી બેરોજગારી, પ્રચ્છન્ન બેરોજગારી, ઔદ્યોગિક કામદારોની બેરોજગારી, શિક્ષિતોની બેરોજગારી શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળે છે. પરંતુ શહેરી વિસ્તારોમાં ઔદ્યોગિક કામદારોની બેરોજગારી અને શિક્ષિત બેરોજગારી વ્યાપક રીતે જોવા મળે છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મૌસમી અને પ્રચ્છન્ન બેરોજગારીનો પ્રશ્ન મુખ્ય છે. આપણે પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં શિક્ષિત બેરોજગારીનો અભ્યાસ કરવાના છીએ.

સાહિત્ય સર્વેક્ષણ:

પ્રસ્તુત વિષય સાથે સલગ્ન અભ્યાસોનો સંદર્ભ તરીકે ઉપયોગ કરીને અભ્યાસોનું સંક્ષિપ્ત નિરૂપણ કરવાનો પ્રયત્ન કરીશ.

૧. જાગાણી સી. એન. (૨૦૦૦) "સૌરાષ્ટ્રના શહેરી વિસ્તારોમાં શિક્ષિત વ્યવસાયી મહિલાઓનો દરજ્જો, તકો અને સમસ્યાઓ." સૌરાષ્ટ્ર યુનીવર્સિટી, રાજકોટ.

ભારતમાં આજે મોટા પ્રમાણમાં બેરોજગારી જોવા મળે છે. અને તેમાં પણ ખાસ કરીને શિક્ષિતોની બેરોજગારી એ આજના સમયની એક અતિ મહત્વનો બેરોજગારીનો પ્રકાર છે. પ્રસ્તુત મહાશોધ નિબંધમાં શિક્ષિત

મહિલાઓનો દરજ્જો, તકો અને સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે, શિક્ષિત મહિલાઓનો દરજ્જો એટલા માટે નિમ્ન છે કારણ કે તેમને રોજગારી માટેની પૂરતી તકો આપવામાં આવતી નથી, તે ઉપરાંત તેમના ઘરનું વાતાવરણ પણ તે પ્રકારનું હોય છે કે, મહિલાઓને નોકરી-વ્યવસાય ન કરાવવો જોઈએ, તેથી પણ શિક્ષિત મહિલાઓ બેરોજગાર બની રહે છે. તેથી એક તરફ રોજગારીની તકોનો અભાવ તો છે, પરંતુ બીજી તરફ તેના ઘરનું માનસિક વાતાવરણ તેથી તે બેરોજગાર રહે છે, અને દરજ્જો તથા અવનવી તકો ગુમાવવી પડે છે.

૨. પ્રશાદ એન. જી. (૧૯૮૬) "શિક્ષિત બેરોજગારી અનંતપુરના સંદર્ભમાં"

શ્રીકૃષ્ણદેવરાય યુનિવર્સિટી, અનંતપુર.

તે પોતાના સંશોધન અભ્યાસમાં જણાવે છે કે, ભારતમાં આજે અનેક પ્રકારની બેરોજગારી જોવા મળે છે તેમાં ખાસ કરીને શિક્ષિત બેરોજગારીએ આજના સમયમાં એક નવી બેરોજગારીનું સર્જન કર્યું છે. અને તેમાં પણ વિવિધ વિદ્યાશાખાઓમાં બેરોજગારીની સમસ્યા વિકટ બનતી ગઈ છે. તેથી બેરોજગારીની આ વિકટ સમસ્યા ને ખત્મ કરવી એ આજના સમયનો મૂળ હેતુ છે.

૩. બૈરાગ્ય આઈ.(૨૦૧૫) ભારતમાં શિક્ષિત બેરોજગરીના સામાજિક-આર્થિક

નિર્ધારકો, અને સામાજિક અને આર્થિક પરિવર્તનો.

ભારતમાં મોટા પ્રમાણમાં પેટા-ધોરણસર અનૌપચારિક રોજગારીની હાજરી હોવા છતાં, અર્થતંત્ર બારમાસી બેરોજગારીની સમસ્યાથી મુક્ત થઈ શક્યું નથી. NATONAL SAMPLE SURVE ORGENAIZATION (NSSO)ના આંકડા મુજબ, શિક્ષણનું સ્તર ઓછું હોય તેવા લોકોની તુલનામાં શિક્ષિત વ્યક્તિઓમાં બેરોજગારીનો દર વધુ છે, આ લેખમાં એન. એસ. એસ. ઓ. ના આંકડાના વિવિધ રાઉન્ડનો ઉપયોગ કરીને, ભારતમાં શિક્ષિત બેરોજગારી માટે જવાબદાર સામાજિક-આર્થિક અને પ્રાદેશિક પરિબળોની શોધખોળ કરવાનો પ્રયત્ન કરે છે. એવું લાગે છે કે તકનીકી શિક્ષણ ધરાવતા લોકો રોજગારની ખાતરી આપતા નથી, જે હકીકતમાં મોટા પાયે તકનીકી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વર્તમાન ભારત સરકારની પહલ પાછળના તર્ક પર સવાલ ઊભા કરે છે.

**માહિતીનું એકત્રિકરણ:**

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યમાં પ્રકાશિત થયેલા જુદા જુદા અહેવાલો, પુસ્તકો વેબસાઇટ, સર્વે વગેરેનો ઉપયોગ કરી ગૌણ માહિતીનું એકત્રિકરણ કરીને ગૌણ માહિતીના આધારે સંશોધન પેપર તૈયાર કરવામાં આવેલ છે.

**ભારતના વિવિધ રાજ્યમાં બેરોજગારી દર**

| રાજ્ય | એપ્રિલ ૨૦૨૦ બેરોજગારી દર % |
|---|---|
| ૧. આંધ્ર પ્રદેશ | ૨૦.૫% |
| ૨. અસમ | ૧૧.૧% |
| ૩. બિહાર | ૪૬.૬% |
| ૪. છત્તીસગઢ | ૩.૪% |
| ૫. દિલ્હી | ૧૬.૭% |
| ૬. ગોવા | ૧૩.૩% |
| ૭. ગુજરાત | ૧૮.૭% |
| ૮. હરિયાણા | ૪૩.૨% |
| ૯. હિમાચલ પ્રદેશ | ૨.૨% |
| ૧૦. ઝારખંડ | ૪૭.૧% |
| ૧૧. કર્ણાટક | ૨૯.૮% |
| ૧૨. કેરળ | ૧૭.૦% |
| ૧૩. મધ્યપ્રદેશ | ૧૨.૪% |
| ૧૪. મહારાષ્ટ્ર | ૨૦.૯% |
| ૧૫. મેઘાલય | ૧૦.૦% |
| ૧૬. ઓડિશા | ૨૩.૮% |
| ૧૭. પોંડિચેરી | ૭૫.૮% |
| ૧૮. પંજાબ | ૨.૯% |
| ૧૯. રાજેસ્થાન | ૧૭.૭% |

| | |
|---|---|
| ૨૦. સિક્કિમ | ૨.૩% |
| ૨૧. તામિલનાડું | ૪૯.૮% |
| ૨૨. તેલંગાણા | ૬.૨% |
| ૨૩. ત્રિપુરા | ૪૧.૨% |
| ૨૪. આંધ્રપ્રદેશ | ૨૧.૫% |
| ૨૫. ઉત્તરાખંડ | ૬.૫% |
| ૨૬. વેસ્ટ બંગાલ | ૧૭.૪% |

**સંશોધનનું મહત્વ:**

૧. કુલ બેરોજગારીમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાશે.

૨. સૌરાષ્ટ્રમાં છેલ્લા એક દાયકા દરમિયાન કુલ શિક્ષિત બેરોજગારોની સચોટ માહિત મેળવી શકાશે.

૩. સૌરાષ્ટ્રમાં વિવિધ વિદ્યાશાખાના શિક્ષિત બેરોજગારોની સમસ્યા જાણીને તેને દૂર કરી શકાશે.

૪. સૌરાષ્ટ્રનાં વિવિધ વિસ્તારોમાં શિક્ષિતોની બેરોજગારીનો તુલનાત્મક અભ્યાસ કરી શકાશે.

૫. ગુજરાતમાં શિક્ષિત બેરોજગારો પાછળની સરકારની નીતિઓ તથા ભૂમિકા જાણી શકાશે.

સંદર્ભસૂચિ

૧. શ્રમનું અર્થશાસ્ત્ર, એમ. એ. પોપ્યુલર પ્રકાશન, સુરત.

૨. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર-૨ બી. એ. સી. જમનાદાસની કંપની.

Graduates Unemployment- A Case of Jalgaon City, IOSR Journal of Businessand Management (IOSR-JBM)

Ms. Richa Modiyani, Mr. Rakesh Gagade, Ms. Rimzim Menghwani (2015)

વેબસાઈટ

1. શ્રમ અને રોજગાર મંત્રાલય ગુજરાત સરકાર.

2. WWW.ILO UNEMPLOYMENT REPORT.COM

3. WWW.NSSO UNEMPOYMENT REPORT.COM